### આર. વી. પટેલ કોલેજ-અમરોલી ખાતે

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ના અભ્યાસક્રમો અંગે અભિમુખતા બેઠક યોજાઈ

## ડૉ. મુકેશ ગોયાણીએ યુનિ.ની પ્રવૃત્તિ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા





**ધબકાર પ્રતિનિધિ, સુરત, તા.૩૦**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલગુરુ ડૉ. અમી ઉપાધ્યાયની પ્રેરણાથી તથા પ્રાદેશિક કેન્દ્રોના નિયામક ડૉ. પ્રિયાંકી વ્યાસ તથા સંયોજક ડૉ. ધવલ પંડ્યાના તેમજ સ્ટુડન્ટ ડેવલપમેન્ટ ના નિયામક ડૉ નિશા જોશીના માર્ગદર્શન હેઠળ આર. વી. પટેલ કોલેજ- અમરોલી ખાતે પ્રવેશ સત્ર ઓગસ્ટ ૨૦૨૫ ના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા બેઠક યોજાઈ હતી. જેમાં કોલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીએ પ્રવચનમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.નો પરિચય તેમજ ચાલતી તમામ પ્રવૃત્તિ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મેમ્બર ડૉ.રાજેશ રાણાએ યુનિવર્સિટીના વિવિધ પ્રકલ્પો વિશે માહિતી આપી હતી. મદદનીશ નિયામક ભૌતિક વોરાએ વિદ્યાર્થીઓને પ્રવેશથી પરીક્ષા સુધીની તમામ પ્રક્રિયા ક્રમશઃ કઈ રીતે અનુસરવી તે વિશે સમજ આપી હતી. અભ્યાસકેન્દ્ર ના સંયોજક ડૉ વિરલ પોલીશવાલાએ અભ્યાસ ક્રમ બાબતે વિસ્તૃત વિગતો આપી હતી. વિદ્યાર્થીઓએ મૂંઝવતા પ્રશ્નોના તજજ્ઞો પાસેથી પ્રશ્નોતરી સેશનમાં ઉત્તરો મેળવ્યા હતા. આ અભિમુખતા બેઠકમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. એમ. કે. મોમીન તથા હિતેશ પટેલે કર્યું હતું.

ધબકાર ડેઈલી ન્યુઝ પેજ નં. 03 તારીખ : 1/12/2025